KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science
ISSN: 2279 - 0241
Continuous issue-21 | April - May 2016

# એકવીસમી સદીમાં ભારતમાં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનું મહત્વ

**પ્રસ્તાવના-**

એકવીસમી સદીને ટેક્નોલોજી અને માહિતીના યુગ તરીકે ઓળખવામાં આવે છે. ભારત દેશ વિશ્વની એક મહાસત્તા બનવા તરફ આગળ વધી રહયો છે. ભારત દેશમાં મોટા ઉદ્યોગો, ભારે પાયાના ઉદ્યોગો અને બહુરાષ્ટ્રીય કંપનીઓ પ્રવેશી ચૂકી છે. જેથી ભારત જેવા અતિવસ્તી ધરાવતા દેશ માટે ગરીબી અને બેકારી જેવી સમસ્યાઓએ વિકટ સ્વરૂપ ધારણ કર્યું છે. એવા સંજોગોમાં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનું મહત્વ જાણવું જરૂરી બને છે.

**ગૃહ ઉદ્યોગોનો અર્થ-**

વંશ પરંપરાગત રીતે કોઈ કુટુંબ ઘરમાં, ઘરના સામાન્ય ઓજારો વડે એક-બે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા હોય, જેમાં મૂડીરોકાણ ઓછું હોય, તેમજ સ્થાનિક બજારમાં તેનું વેચાણ કરવામાં આવતું હોય તેવા ઉદ્યોગોને ગૃહ ઉદ્યોગો તરીકે ઓળખવામાં આવે છે. દા.ત.સુથારીકામ, લુહારીકામ, મોચીકામ, હાથવણાટ, દોરણાકામ, અગરબત્તીની બનાવટ, પાપડ અથાણું ઉદ્યોગ વગેરે.

**નાના પાયાના ઉદ્યોગો-**

જે ઉદ્યોગોમાં ૨૫ લાખથી વધુ અને ૫ કરોડથી ઓછા મૂડીરોકાણની જરૂર હોય તેવા ઉદ્યોગોને નાના પાયાના ઉદ્યોગો તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. વીજળીની મોટરો, સાયકલના ભાગો, મોટરની બેરીંગો, રમકડાઓ વગેરે.

આજે એકવીસમી સદીમાં ગૃહ અને નાના ઉદ્યોગો ખૂબજ મહત્વ ધરાવે છે. ભારત જેવા અતિવસ્તી ધરાવતા દેશમાં કે જ્યાં વસ્તીનું ભારણ ખેતી પર વધતું જાય છે. ખેતી ક્ષેત્રે છુપી બેકારી જોવા મળે છે. ત્યાં ખેતીની જમીન પરથી વસ્તીનું દબાણ ઘટાડવા માટે ગૃહ અને નાના ઉદ્યોગો મહત્વના સાબિત થાય છે. ગૃહ અને નાના ઉદ્યોગો દ્વારા પૂરક રોજગારી ઊભી કરીને પૂરક આવકના સ્રોત ઊભા કરી શકાય છે. જેના દ્વારા ખેતી અને ઉદ્યોગ બંને ક્ષેત્રનો વિકાસ સાધી શકાય છે. લોકોની આવકમાં વધારો કરી જીવનધોરણના સ્તરમાં સુધારો કરી શકાય છે. રોજગારીમાં વધારો કરી ગરીબી ઘટાડી શકાય છે. નિકાસમાં વધારો કરી વિદેશી હુંડિયામણની પ્રાપ્તિ કરી શકાય છે, જેના દ્વારા દેશના વિકાસ માટે જરૂરી યંત્રો, ટેક્નોલોજીની આયાત કરી શકાય છે. ગૃહ અને નાના ઉદ્યોગો ઓછા મૂડીપ્રધાન અને વધારે રોજગારીનું સર્જન કરનારા હોય છે.

નાના પાયાના ઉદ્યોગોનું મહત્વ નીચેના કોષ્ટકથી સ્પષ્ટ થાય છે.

| વર્ષ | કુલ એકમોની સંખ્યા | રોજગારી (લાખમાં) | કુલ મૂડીરોકારણ (કરોડમાં) | ચાલુ ભાવે ઉત્પાદન(કરોડમાં) | નિકાસ (કરોડમાં) |
|---|---|---|---|---|---|
| ૧૯૯૧-૯૨ | ૭૦.૬૩ | ૧૬૫.૯૯ | ૧,૦૦,૩૫૧ | ૮૦,૬૧૫ | ૧૩,૮૮૩ |
| ૧૯૯૨-૯૩ | ૭૩.૫૧ | ૧૭૪.૮૪ | ૧,૦૯,૬૨૩ | ૮૪,૪૧૩ | ૧૭,૭૮૪ |
| ૧૯૯૩-૯૪ | ૭૬.૪૯ | ૧૮૨.૬૪ | ૧,૧૫,૭૯૫ | ૯૮,૭૯૬ | ૨૫,૩૦૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯૯૪-૯૫ | ૭૯.૬૦ | ૧૯૧.૪૦ | ૧,૨૩,૭૯૦ | ૧,૨૨,૧૫૪ | ૨૯,૦૬૮ |
| ૧૯૯૫-૯૬ | ૮૨.૮૪ | ૧૯૭.૯૩ | ૧,૨૫,૭૫૦ | ૧,૪૭,૭૧૨ | ૩૬,૪૭૦ |
| ૧૯૯૬-૯૭ | ૮૬.૨૧ | ૨૦૫.૮૬ | ૧,૩૦,૫૬૦ | ૧,૬૭,૮૦૫ | ૩૯,૨૪૮ |
| ૧૯૯૭-૯૮ | ૮૯.૭૧ | ૨૧૩.૧૬ | ૧,૩૩,૨૪૨ | ૧,૮૭,૨૧૭ | ૪૪,૪૪૨ |
| ૧૯૯૮-૯૯ | ૯૩.૩૬ | ૨૨૦.૫૫ | ૧,૩૫,૪૮૨ | ૨,૧૦,૪૫૪ | ૪૮,૭૮૯ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૯૭.૧૫ | ૨૨૯.૧૦ | ૧,૩૯,૯૮૨ | ૨,૩૩,૭૬૦ | ૫૪,૨૦૦ |
| ૨૦૦૦-૦૧ | ૧૦૧.૧ | ૨૩૮.૭૩ | ૧,૪૬,૮૪૫ | ૨,૬૧,૨૯૭ | ૬૯,૭૯૭ |
| ૨૦૦૧-૦૨ | ૧૦૫.૨૧ | ૨૪૯.૩૩ | ૧,૫૪,૩૪૯ | ૨,૮૨,૨૭૦ | ૭૧,૨૪૪ |
| ૨૦૦૨-૦૩ | ૧૦૯.૪૯ | ૨૬૦.૨૧ | ૧,૬૨,૩૧૭ | ૩,૧૧,૯૫૨ | ૮૬,૦૧૩ |
| ૨૦૦૩-૦૪ | ૧૧૩.૯૫ | ૨૭૧.૪૨ | ૧,૭૦,૭૧૯ | ૩,૫૭,૭૩૩ | NA |
| ૨૦૦૪-૦૫ | ૧૧૮.૫૯ | ૨૮૨.૫૭ | ૧,૭૮,૬૯૯ | ૪,૧૮,૨૬૩ | NA |

Source- Office of Development Commissioner, SSI, Ministry Of Industry

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે ભારતમાં નાના પાયાના ઉદ્યોગોની સંખ્યા વર્ષ ૧૯૯૧-૯૨માં ૭૦.૬૩ હતી. જે વધીને વર્ષ ૨૦૦૪-૦૫માં ૧૧૮.૫૯ થઈ ગયી છે. નાના પાયાના ઉદ્યોગોની સંખ્યામાં વધારો થવાની સાથે રોજગારીમાં પણ વધારો થયો છે. ૧૯૯૧-૯૨માં નાના પાયાના ઉદ્યોગો દ્વારા રોજગારી મેળવનારાઓની સંખ્યા ૧૬૫.૯૯ લાખ હતી. જે વધીને વર્ષ ૨૦૦૪-૦૫માં ૨૮૨.૫૭ થઈ ગયી. વર્ષ ૨૦૦૪-૦૫માં નાના પાયાના ઉદ્યોગોમાં કુલ ૧,૭૮,૬૯૯ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. ઉપરોક્ત બાબતના આધારે કહી શકાય છે કે નાના પાયાના ઉદ્યોગોએ ઘણી સારી પ્રગતિ સાધી છે.

ભારત જેવા વિકાસશીલ દેશો માટે ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો મહત્વના છે. વિકાસની ઝડપી દોડમાં જો ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ રૂંધાશે તો તેની વિપરીત અસર સમગ્ર અર્થતંત્ર પર જોવા મળશે.

**ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોના વિનાશની અસરો**

**૧. બેરોજગારીની સમસ્યા-**

વસતીની દ્રષ્ટિએ ભારત ચીન પછી બીજા ક્રમે આવે છે. વસ્તી જેમ જેમ વધે છે તેમ તેમ રોજગારી માંગનારાઓની સંખ્યા પણ વધે છે. એવા સંજોગોમાં જો ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિનાશ થશે તો બેકારીની અતિ ગંભીર સમસ્યા સર્જાશે. કેમ કે ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો ઓછા મૂડીપ્રધાન અને વધુ રોજગારી આપનારા હોય છે. તેથી જો બેકારીની સમસ્યાને દૂર કરવી હોય તો ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ કરવો જોઈએ વિનાશ નહીં.

**૨. ગરીબીમાં વધારો-**

દેશમાં જો બેકારી વધશે તો તેના લીધે ગરીબીમાં પણ વધારો થશે. ગરીબીના લીધે લોકોના જીવનધોરણ સ્તરમાં ઘટાડો થશે. સમાજમાં ચોરી, લૂંટફાટ જેવા બનાવો બનશે. સમાજને આવા બનાવોથી મુક્ત રાખવો હોય તો ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ કરવો જરૂરી છે.

**૩. ખેતી ક્ષેત્રના વિકાસ પર વિપરીત અસરો-**

ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિનાશ થશે તો ખેતી ક્ષેત્રના વિકાસ પર વિપરીત અસરો સર્જાશે. ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો બંધ થશે તો મોટા ભાગની વસ્તી બેકાર થશે. રોજગારીના અભાવે તેઓ ખેતીક્ષેત્ર સાથે જોડાશે. ખેતીક્ષેત્ર પર વધારાની વસ્તીનું ભારણ વધશે. જેથી ખેતી ક્ષેત્રે ઉત્પાદન અને ઉત્પાદકતા પર વિપરીત અસર થશે.

**૪. વિદેશી હૂંડિયામણની અછત-**

ભારત જેવા વિકાસશીલ દેશનો જો ઝડપી વિકાસ કરવો હોય તો નિકાસની સાથે સાથે યંત્રો, ટેક્નોલોજી જેવા સાધનોની આયાત કરવી પણ જરૂરી છે. આયાત કરવા માટે વિદેશી હૂંડિયામણની જરૂર પડે છે. જો દેશમાંથી ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિનાશ થશે તો વિદેશી હૂંડિયામણની અછત સર્જાશે. જેની વિપરીત અસર આંતરરાષ્ટ્રીય વેપાર પર સર્જાશે.

**૫. કાચા માલની સમસ્યા-**

ભારે અથવા મોટા ઉદ્યોગો માટે કાચા માલ પૂરો પાડવાનું કાર્ય મોટા ભાગે ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો કરે છે. તેથી જો ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિનાશ થશે તો કાચા માલની સમસ્યા સર્જાશે. જેના લીધે દેશના ઉત્પાદનમાં ઘટાડો થશે. અને ચીજ વસ્તુઓની કિંમતમાં વધારો થશે.

આ રીતે ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિનાશ થવાથી દેશમાં અનેક પ્રકારની સમસ્યાઓ સર્જાશે. દેશમાં વંશપરંપરાગત, કલા-કારીગિરીની વસ્તુઓ જોવા મળશે નહિઁ. ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો પૂરક રોજગારી માટે મહત્વનો સ્ત્રોત છે. તેથી જો ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિનાશ થશે તો લોકો માટે પૂરક આવક મેળવવાનો સ્ત્રોત સમાપ્ત થઈ જશે. તેથી ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ સારી રીતે થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. દેશમાં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોની સંખ્યા વધારવી જોઈએ.

## સંદર્ભ:

૧. Office of Development Commissioner, SSI, Ministry Of Industry

૨. Government of India, Ministry of Micro, Small and Medium Enterprises, New Delhi

૨. યોજના નવેમ્બર (૨૦૦૯), લઘુ, ગૃહ અને મધ્યમ ઉદ્યોગોનું મહત્વ

****************************************************************************

**Patel Anita Hiralal**
Visiting Faculty
Department of Economics
K.K. Shastri Government Arts College
Maninagar, Ahmedabad

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat